# વાર્તામેળો

## 3

**સંપાદક :** દર્શા કિકાણી

● પ્રકાશક ●

**વિચારવલોણું પરિવાર**

અમદાવાદ

# ઢાલ સોનાની કે ચાંદીની?

(તન્વી પ્રકાશભાઈ પ્રજાપતિ,

ધો.-૮,

શ્રી એસ.જી.બ્રહ્મભટ્ટ બધિર વિદ્યા વિહાર, નડીયાદ)

એક વાર એક સૈનિક ઘોડા ઉપર સવાર થઈને પશ્ચિમ તરફ જતો હતો. રસ્તામાં એને એક તલવાર અને ઢાલની વિશાળ કલાકૃતિ જોવા મળી. તલવાર સાથેની ઢાલની કૃતિ જોઈ એ વિસ્મય પામી બોલ્યો, ‘અરે આ તો સોનાની ઢાલ છે!’

એ જ વખતે એક બીજો સૈનિક ઘોડા ઉપર સવાર થઈને પૂર્વ તરફ જતો હતો. તે પણ તલવાર અને ઢાલની આ વિશાળ કલાકૃતિ જોઈને બોલ્યો, ‘અરે, આ તો ચાંદીની ઢાલ છે!’

પેલા સૈનિકે આ સાંભળ્યું અને એ તરત જ બોલી ઊઠ્યો, ‘અરે મૂર્ખ, તને સોનાની ઢાલ ચાંદીની દેખાય છે?’

બીજા સૈનિક કહ્યું, ‘મૂર્ખ તો તું જ છે કે ચાંદીની ઢાલને સોનાની કહે છે.’

પછી તો બંને સૈનિક વચ્ચે ઢાલની બાબતે બોલાચાલી થઈ અને વાત આગળ વધીને મારામારી સુધી પહોંચી.

એ જ વખતે વનદેવી પ્રગટ થયાં અને બોલ્યા, ‘ભાઈઓ, તમારી વાત મેં સાંભળી છે. તમે બંને સાચા છો. ઢાલ બે બાજુથી દેખાય છે. તમે બંનેએ ઢાલની એક જ બાજુ જોઈ છે. તમે બંને તમારું સ્થાન બદલીને ઢાલ જોશો તો આ વાતની તમને ખાતરી થશે.’

વનદેવીના કહેવા પ્રમાણે બંને સૈનિકોએ પોતપોતાનું સ્થાન બદલી ઢાલની બીજી બાજુ જોઈ. જે સૈનિકને ઢાલ સોનાની દેખાતી હતી એ સૈનિકને ઢાલ ચાંદીની દેખાઈ અને જે સૈનિકને ઢાલ ચાંદીની દેખાતી હતી એ સૈનિકને ઢાલ સોનાની દેખાઈ.

બંનેને પોતાની ભૂલ સમજાઈ.

ઢાલની બે બાજુ જુઓ નહિ ત્યાં સુધી સાચું શું છે એ જાણી શકાય નહિ.

---

સંપર્ક : દર્શા કિકાણી : ઈ –મેલ – darsha.rajesh@gmail.com